॥ શ્રી શાન્તિનાથાય નમઃ ॥

શ્રી નવીન ઉદયભાણ નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—પાવનગઢના રાજા કર્ણસિંહના મહેલ આગળ ભરથરી વેષે બે છોકરાઓ ભજન ગાય છે; રાજા કર્ણસિંહ, રાણી, રાણીની ઓરમાન દીકરી ભાણીબા, તથા રાણીનો ભાઈ સજ્જનસિંહ સાંભળે છે. ભરથરીને ભીખ આપવા માંડે છે. ભરથરી ભીખ લેવા ના પાડે છે, અને નોકરી માંગે છે. કુંવરી એક ભરથરીને પોતાની ત્હેનાતમાં રાખે છે, તેથી બીજાને રાણીનો ભાઈ સેનાપતિ સજ્જનસિંહ પોતાના દીકરા; ખોડુભાની ત્હેનાતમાં રાખે છે. રાણી અને સેનાપતિની ખાનગી મસલત.

,, ૨ જો—નાશી ગએલ માજી દીવાન જોગી વેષે, બાતમી મળવાથી સેનાપતિ ઠાર કરવા જાય છે. બહાદુર દીવાન બચી જાય છે, છોકરાઓને રામનામીઆની એંધાણી બતાવી જાય છે, રાજા આવે છે, અજાયબી.

રાજાના સાળા સજ્જનસિંહનો ચળેલ દીકરો ખોડુભા તથા ભરથરી છોકરો ભાણુજી; પનઘટ લીલા. સેનાપતિની મિજાજી દીકરી મોંઘી નાનાભાઈ લઘુભા સાથે આવી વરનો વરઓળો જાહેર કરે છે.

,, ૩ જો—વ્યસની ઠાકોર રામદેજી, તેમના ખુશામતિયા, અને વડારણો જંગલમાં દેવળ આગળ, કુંવરી ભાણીબા વાઘના શિકારે, ભરથરી વેષવાળો સિપાઈ થયેલ ઉદયસિંહ કુંવરીને બચાવે છે, પરાક્રમથી મોહિત કુંવરી, રામદે કુંવરીનું માગું કરવા પોતાના ચારણ કવિદાને મોકલે છે. કુંવરી સીપાઈ ઉદયસિંહની પાછળ જાય છે.

પ્રવેશ ૪ થો—સેનાપતિની મીજાજી દીકરી મોંઘી તથા તેનો જડસો વર જસાજી; ચાકર પેમલો અને ચાકરડી પેમલી. વઢવાડ, અબોલાં, પાછળથી સેનાપતિ અને ખોડુભા, જસાજીને ઠપકો, મોંઘીની વર પાસે માંગણી.

પ્રવેશ ૫ મો—ઉદયસિંહ ઝુંપડીમાં બાઇની વાટ જુએ છે. ભાઇને બદલે કુંવરી; ગભરાટ, વાતચીત, એકતરફી કુંવરીનો પ્રેમ; ઉદયસિંહ કચેરીમાં જાય છે. ઝુંપડી જોઈ પરમ પ્રેમાળ કુંવરીના વિચાર.

પ્રવેશ ૬ ઠો—કર્ણસિંહની કચેરી, વાઘ મારી કુંવરીનો જીવ બચાવનાર સિપાઈ ઉદયસિંહને ઇનામ, સેનાપતિની અદેખાઈનું બીજ, કવિદા ચારણનું રામદેજી માટે કુંવરીનું માગું, લડાઇની તૈયારી, કુંવરી અને ખોડાજીની પરીક્ષા, બુધાશાસ્ત્રી ખોડુભા, ઉદયસિંહના સ્ત્રી સંબંધી ઉત્તમ વિચાર.

પ્રવેશ ૭ મો—શેનાપતિની અદેખાઈ, ઉદયસિંહને ઠાર મારવા વિચાર, રાણી ભાઈ બહેનને ચડાવે છે, ખોડુભાના લગ્નથી કુંવરીના હાથ સાથે રાજ મેળવવા ધારેલું રાજ્ય જશે એમ ધારી બનેવીને ઠાર મારવા સેનાપતિનો ઠરાવ, મોંઘીની પોતાના ધણી વીશે ફરીયાદ, ઠપકો, પોતાના જમાઈ જસાજી સાથે લડાઇમાંજ પાછળથી ઘા કરવા ગોઠવણ.

પ્રવેશ ૮ મો—રામદેજીની છાવણી, લડાઇમાં નાચરંગ, વ્હેમી રામદેજીની માનતાઓ, કર્ણસિંહનું લશ્કર આવે છે, જોતાંવારજ રામદે અને તેના લશ્કરની નાશભાગ, વગર મહેનતે મળેલ વિજય માટે પ્રભુપ્રાર્થના, જસાજીનો રાજા ઉપર પાછળથી ઘા, ઉદયસિંહ તથા ભાણજીએ કરેલો બચાવ. જસાજી નાશી છુટે છે.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—નાઠેલ રામદે, ખુશામતિયા જસાજી, બારવટું કરી કુંવરીને ઉપાડી લાવવાનો ઠરાવ.

પ્રવેશ ૨ જો—ગરબો, કુંવરી, સેનાપતિના નાના દીકરા લઘુભાની કાલી કાલી વાતચીત, કુંવરીને બારવટીયા ઉપાડી જાય છે. રાજા અને સેનાપતિને લઘુ ખબર આપે છે. ઉદયસિંહ બારવટીઆની પાછળ જાય છે. સેનાપતિ પાસે ભાણજીની ઉદયસિંહ પાછળ જવા માંગણી; મિજાજીનો જવાબ.

પ્રવેશ ૩ જો—જંગલમાં જસાજી બ્હારવટીયા વેષે, કુંવરી સાથે રામદેના લગ્નની તૈયારી, બ્રાહ્મણ વેશે ઉદયસિંહ, પાછળથી ભાણુજી, કુંવરીનો બચાવ, રામદે, જસાજી વગેરેને કેદ.

પ્રવેશ ૪ થો—રાજા અને સેનાપતિ, ઉદયસિંહ અને ભાણજી કુંવરીને બચાવી લાવે છે; જસાજીને કેદ, રામદેને ગધેડે બેસાડી દેશપાર, ઉદયસિંહને રામદેનું રાજ બક્ષિસ, કુંવરીના વિવાહ માટે સેનાપતિ અને રાજાના વિચાર, પાછળથી રાણી.

પ્રવેશ ૫ મો—ભાણીબા વિવાહના ઉમંગમાં. મોંઘી સાથે વાતચીત, લઘુભા, ઉદયસિંહથી અચાનક મેળાપ, રાજા તથા સેનાપતિ માતાના દર્શનનું બાનું કાઢી સેનાપતિ વિવાહ રોકે છે. પ્રેમીઓની પડદે વાતચીત.

પ્રવેશ ૬ ઠો—રાજા, સેનાપતિ, રાણી ભરથરી સાથે વિવાહ માટે કંકાસ, જસાજી માટે માફી, ઉદયસિંહને ઉંઘતાં ઉપાડી દરિયામાં ફેંકી દેવા સેનાપતિ અને જસાજીનો ઠરાવ, ખોડુભા અને લઘુ છાના સાંભળે છે.

પ્રવેશ ૭ મો—જસાજીનું ઘર, પેમલો, પેમલી, મિજાજી મોંઘી સાથે જસાજીની મારામાર.

પ્રવેશ ૮ મો—ઉદયસિંહ તથા ભાણુજી બાંધાઓની ભાભી સંબંધી ઠઠ્ઠા મશ્કરી. ઉંઘતાં ઉપાડી ઉદયસિંહને જસાજી દરિયામાં ફેંકી દે છે, રાજા અને સેનાપતિ, ભાણુજીને માથે ઉદયસિંહને ઠાર મારવાનું કલંક. ભાણુજીને દેશપાર, માછલીના મોંમાં ઉદયસિંહ.

પ્રવેશ ૯ મો—ઉમંગમાં ભાણીબા, ઉદયસિંહના માઠા સમાચાર, બેભાન અને ગાંડી. રાજા, સેનાપતિ અને વૈદ્ય, હવા ફેરફાર માટે વૈદ્ય સાથે દ્વારકા મોકલવા ઠરાવ.

પ્રવેશ ૧૦ મો—મેળામાં જતો લધુભા, સીપાઇને ઘેર ઘોડું લેવા મોકલે છે. પાછળથી ભાણુજી લધુભાને મારવાનો ડર બતાવી દરિયામાં ફેંકવાની વાત કહાડી લે છે. લધુભાઇને લઈ બહારવટે નીકળી પડે છે. સેનાપતિને સમાચાર, જસાજીને પાછળ મોકલે છે.

પ્રવેશ ૧૧ મો—દ્વારકામાં દરિયા કિનારે માજી દીવાનજી, તથા કુંવરીના વૈદ, ચમત્કારની ગોઠવણ; ખોડુભા સાથે વિવાહ સારૂ કુંવરીને પાવનગઢ પાછી લઈ જવાનો કાગળ. માછલાના મ્હોંમાં તણાતો ઉદયસિંહ. દીવાન બચાવે છે, ઓળખે છે. ગુપ્ત રાખે છે. ચિત્તભ્રમ કુંવરીની દરિયામાં પડી મરવાની તૈયારી, દીવાન બચાવે છે, ચમત્કાર બતાવી ચિત્ત ઠેકાણે લાવે છે. અને ઉદયસિંહને મેળવવાની આશા આપે છે.

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—ભગવતને ભરોસે કુંવરી અને સાહેલીઓ, સેનાપતિ, વૈદ્ય અને રાજા ચમત્કારવાળા રૂષિરાયને તેડું મોકલે છે, વશીકરણ કરવા આવેલ ખોડુભાનું કાળું મોઢું.

પ્રવેશ ૨ જો—ભાણુજી નજુમીના વેષે, મોંઘીની સાહેલીઓ જડી અને પંઆણી, વશીકરણ કરાવવા ગોઠવણ જડીની ઉત્તમ સલાહ, લધુ-

ભાની શોધથી નિષ્ફળ થયેલ જસાજી, સેનાપતિ અને ભાણજી, જસાજી અને મોંઘી ઉપર લઘુભાને ઠાર કર્યાંનો વ્હેમ, સેનાપતિ દીકરી અને જમાઇને ઠાર કરવા જાય છે.

પ્રવેશ ૩ જો—મોંઘીની વશીકરણ, પંચાણી, પથરો આપે છે. મરડાયેલનો મેળાપ અને શેત્રંજ, રંગમાં ભંગ, જસાજીને ઘા, બચી જાય છે.

પ્રવેશ ૪ થો—સેનાપતિ; મોંઘીને મારવાની તૈયારી ભાણજી સેનાપતિનું નાક કાપી નાસે છે, કાળા મ્હોંનો ખોડુભા, બાપ દીકરાનો ભેટો ને હસાહસ.

પ્રવેશ ૫ મો—ભાણજી ને લઘુભા, જંગલમાં બહારવટે, દીવાન, વૈદ્ય અને ઉદયસિંહજી, ભાઈ દીકરાનો મેળાપ, જસાજી અને મોંઘીની માફી સઘળા વેષ બદલી પાવનગઢ તરફ જાય છે.

પ્રવેશ ૬ ઠો—ભાણીબા, આપઘાતની તૈયારી, ઉદયસિંહ રાહદારી વેષે બચાવે છે. પરદેશી પંથીને વિવાહ મંડપમાં આમંત્રણ.

પ્રવેશ ૭ મો—ખોડુભા અને કુંવરીના વિવાહની તૈયારી, નાકકટો વેવાઇ, ભાણજીને પકડી લાવવા ઇનામ, ખોડા વરરાજાને પાટવી કરવાની તૈયારી, સજીવન લીલા. ભેદનું ભાંગવું. સઘળાનો મેળાપ, ઉદયસિંહ, કુંવરી, રાજ્યપાટ, વિવાહ અને છેવટનો આનંદ.

ૐ શાન્તિ ૐ શાન્તિ ૐ શાન્તિ

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

કર્ણસિંહ................પાવનગઢના રાજા.

સજ્જનસિંહ...........રાજાનો સાળો નવી રાણીનો ભાઈ સેનાપતિ.

ખોડુભા
લઘુભા } ....સેનાપતિના દીકરા.

જસાજી................સેનાપતિનો જમાઈ. મોંઘીનો વર.

દીવાન.................નાસી છુટેલ નિતિમાન રાજભક્ત.

ઉદયસિંહ..............ભરથરી રાજાનો ભાણેજ.

ભાણજી................દીવાનનો દીકરો.

રામદેજી...............વ્યસની ઠાકોર.

કવિદા..................ખુશામતીયો રામદેનો ચારણ.

સ્ત્રી વર્ગ.

રાણી...................કર્ણસિંહની નવી રાણી.

ભાણીબા..............કર્ણસિંહની કુંવરી.

મોંઘી...................સેનાપતિની દીકરી જસાજીની સ્ત્રી.

વડારણો, દાસીઓ, સીપાઇઓ, વારાંગનાઓ વીગેરે વીગેરે.

સ્થળ—પાવનગઢ, આસપાસની હદ અને દ્વારકા.

શ્રી પરમાત્મને નમઃ

—શ્રી નવીન—

* ઉદયભાણુ નાટકનાં ગાયનો. *

સૂત્રધાર—

મંગળાચરણ.

ત્રાતા તું પ્રભુ! ધણી-શાતા-દાતા જગ જનને.
તારણ જગઉદ્ધારણ સ્વામી! ઘટ ઘટ પ્રગટ છો અંતરજામી
નમીએ અલૌકિકનામી.
ભાગ્યવંત છો મહન્ત, જ્ઞાનવંત જીવજંત,
સકળ આધિ વ્યાધિતંત, આણુતા ઉપાધિ અંત;
પરમ પૂજ્ય હે ભદંત! સહસ રહસ દિવસમણિ!

નટીઓ—

જે કરશે તે ભરશે કોઈ શું કહેશે,
બાવળ વાવીને આમ્ર સ્વાદ કેમ લેશે—
કેસુડેવાસ ન મળશે, નહિ કે તકી કદાએ ફળશે,
જે વાવે તેવું લણશે, કરણી સરખાં ફળ દેશે—
કૌવચ સંગતથી રંગત શું રહેશે!
ચંદન ખંડનથી ગંધ અખંડ ન વ્હેશે.
મધ મધપુડે જે વળશે, મધ ભાગ્ય હશે તો મળશે;
પણ ચટકો તો નવ ટળશે, આ દેશે પરદેશે—

ઉદયભાણજી— ૧

ટાળ્યા નહીં રે ટળે, લખ્યા જે લલાટે લેખ—ટાળ્યા૦
વાવ્યાં બીજ તે ફળે કરમે લખ્યું તે મળે—ટાળ્યા૦
દશરથ બાંધેલ તલાવડી, પાણી શ્રવણ ભરે;
ધર્મ કરતાં ધાડ થઈ, આંધળા ઝુરી તો મરે—ટાળ્યા૦
રઘુવીર ચાલ્યા વનમાં, સીતા રૂદન કરે;
દુષ્ટ દગે સતી લઈ ગયો, લંકા પલમાં બળે—ટાળ્યા૦
હરિશ્ચન્દ્ર જેવો રાજવી, નીચ ઘર મજુરી કરે;
રાણી વેચી પરઘરે, વેળા ચાહેસો કરે—ટાળ્યા૦

ઉદય— ૨

જેને શીર કીરતાર સમર્થ વ્યર્થ તે શીદને ડરે, રે...શાણા.
જેવા કેસરી કેરા કુમાર નિડર વન વનમાં ફરે, રે...શાણા.
બાળકને ભૂત કહી ભડકાવે, જ્યાં સુધી સમજણ નાહી;
સમજુ થાતાં ભર્મ ભાગતાં, મર્મ લહે મન માંહી—વ્યર્થ૦
ઈંડાને બહુ બીક બાજની, જ્યાં સુધી પડદે પડીયાં;
ગુરૂ કૃપાએ પડદો ફુટે, ઉડી ગગન ઘર અડીયાં—વ્યર્થ૦
સ્વાંગ પહેરતાં સતીઓ મુકે, તનમન પતિને ચરણે;
શરીર સ્વાંગ ધરંતા સાથે, સઘળું ભગવત શરણે—વ્યર્થ૦

ખોડુભા— ૩

કેવો કુલ ફટાકીઓ હું ફાંકડોરે, અલબેલો કનેયો વાંકડોરે;
કાન ફાંકડો રે–વાહ માંકડો રે (૨) કેવો૦
હાથે હીરાના વેઢ અને વીંટિયો,
કાને વાળી અને પોંચામાં પુંચીઓ,
ખીસામાં રાખું છું અક્કલની કુંચીઓ.
પહોંચી પનઘટપર બજાવું સીટીઓ (પાસચપાચસ) કેવો૦

વડારણો— ૪

શોભા શી કહું રે સુંદર શામળાજી,
મેલો ફાંકડા રે મનના આંકડાજી થાઓ ન આકળાજી.

પ્રીતમ ન થઇએ પ્રીતે પાંગળાજીરે,
સ્નેહના હાથે જોડ્યાં સાંકળાજીરે.
આંટીને ઘુટી છોડો છેલ,
પ્રીત સુધારસ અજબરસ, કોઈ વિરલો પી જાણશેરે,
અંતર ઘટની વાસના કોઈ અનુભવી પરમાણશે.
ભાવનાના ભેદ તો ભગવાન જેવા ભાળશે,
ગાતાં અને ખાતાં પીતાં પણ તાપ ત્રિવિધ ટાળશે.

ભાણીબા— ૫

કેવી સુંદર સુરત હું તો વારી જાઉં,
અહો લટક ચટક જોઈ હું ઠરી જાઉં.
ભાવે મનથી ન મનથી હું ભજે જાઉં,
સુણી વચન વન વગડે લુટાણી છું.
વગર મૂલે અચાનક વેચાણી છું,
બની પથ્થરની પુતળી ઘવાણી છું રે.
મીઠી નજરના દાબે દબાણી છું,
કોણ જાણે કે શાથી લોભાણી છું.
ક્યારે નાજુક નગીનો આ પામી જાઉં રે

પેમલો-પેમલી— ૬

આતે માળું કેમરે રે'વાય, લાંડુ ભર્યું ગાડું લુંટાઈ જાય,
મોઢામાં પાણી પાણી થાય, ના રે બા નહીં રે નહીં રેવાય.
રોકું તોયે રડ્યું ના રે બા નહીં રે'વાય જોઈ જોઈ ફૂં ફૂં ફૂં
ફહ હસી જવાય.
મુઈ બોલી કેમ-મુઆ બોલ્યો તેમ-નારે બા-આતે૦
ટગટગટગટગ દેખતે ડોળે તાકી રેવરાય કેમ;
બબબબ બોલતી જીભે, બંધ રેવરાય કેમ,
નારે બા જીવતા જીવન બહોત થવરાય કેમ-આતે૦

મોંધી-જસાજી— ૭

સાહેબા સલુણા નાની નણદલના વીરા,
લાલ લટકાળા મને (૨) આછા આછા ઘાટ ઘડાવો.
સરખી સૈયર મળી હાંસી કરે છે;
લાજી મરું છું બાઈ (૨) વહેલા વહેલા સોનીડા તેડાવો.
નાનું શું નાથ એક ઝુમણું ને મહી ઝીણા ઝીણા હીરલા જડાવો;
નવસેરો મોતીનો હાર મારા સાહેબા નાના નાના નીલમ મુકાવો.
જોગવાઈ જાસ્તી જો હોય મારા વાલમા,
કંકણુને માણેક મઢાવો;
ગરીબ ધણીને બાઈ ઝાઝુ શું કહીએ,
બસ આટલેથી મન વાળીને રહીએ;
મોટો એક પહાણો બાઇસાબ માગી લઇએ—હાડ૦

ભાણીબા— ૮

રસીલો રસીલી ચાંદનીનો સમો સાધી તજી સઘળી ઉપાધિ
ગયાં ઉપવનમાં—
ગુપચુપ વાતો કરે, નેનના ઇસારા કરે;
સંગે હશે હરે ફરે રંગ ધુનમાં-(પછી)
પળમાં રીસાયા છે રસીલા ભાન ભૂલી ભામિની
માનતા મોહન નથી હાથે પગે થઈ માનુની
વેળા રસીલા વહી જશે, પસ્તાવો પાછળથી થશે,
માન મોહન! માન, જાશે કાળ કા'ણી રહી જશે;
તું માન ભલે ના માન મને પરવા નહિ,
જીવજાન તને નહિ અલગ કરું તનથી;
પ્રીત વચન વીણા રસના રસીયા મન વસીયા મારેજી—

ભાણીબા— ૯

અલબેલડા! મનમેલડા! ઓ ઘેલડા!
મારા નાજુક જીવનહાર! અલબેલીના આધાર—હો૦

ખીલેલી પુરે બ્હાર, સરવર પર કળી આ કોમળ;
બાળે વરસીને અંગાર, જળ કણુ પણુ મળીને આગળ;
દુર દુર જાઓ ગુણુ દરીઆ, કોને શરણે આ તો કંગાળ;
લાલા લાડીલી આ લાચાર, પ્રેમી પંખીણી પાલણહાર—

સબળા— ૧૦

ભૂતળચંદ્ર! ભૂપરાજ! નિષ્કલંક રાજતાજ!
તનધન અરપણુ પર ઉપકારે શાન્તિ સારે–ભૂ૰
કાન્તિસાર! અમૃતધાર! ધર્મ ધારનાર બ્હાર,
શીતળ શીતળ જગ એ ઠારે ચન્દ્રરાજ–ભૂ૰

ખોડુભા— ૧૧

વશ નારીને કરવી જો ધારો, ગોખી રાખો સરસ આ ધારો;
મારો બુધેથી માર, બ્હેતાં વાંકી લગાર;
રહેશે પાંશરી તો રાંડ ભલે જાતની હો દાંડ—વશ૰
નહિ મોહિ પડો જોઈ મોઢું, રાંડ જાત એ છે રખડતું રોડું;
ઝાઝુ જેમ જેમ એ ટીપાયે દહાડે દહાડે એ પાંસરૂં થાયે.

ઉદયસિંહ— ૧૨

પ્રમદા છે પ્રીતી ભાજન, મનરંજન ભીડ ભજન;
જુગિતથી કરીએ જતન, જોઇએ નિત્ય ચઢતો દન.
કોઈ ગાય દુઝણી લાવે, ચારો નહિ દુષ્ટ ચરાવે;
પાણી પણ નહિ પીવરાવે, ખાતાં પીતાં અકળાવે.
ફળ કો' તે કેવાં પામે મુરખ જન;
દળદર દેખે ને થાયે નર નિરધન—પ્રમદા૰
પાળ્યું પંખી ઉછરંગે, દિન ચાર રમાડ્યું રંગે;
પાલક પલટયો કુસંગે નાંખ્યું પંખી ખોરંબે.
કો' દુઃખીઆરાં પંખીના કેવા દન!
પાલકને કે એ પંખીને ધન્ય ધન્ય—
ચિન્તામણિ રત્ન છે રમણી વળી પારસમણી મનહરણી;
કોમળ ને કાંચન વરણી, ધીર ગંભીર વચન રસ ધરણી.

સંતાપે એ પ્રમદા જે પામર જન;
રૂઠયો ભગવત ને ઉઠયો તેનો દન—પ્રમદા૦

વારાંગના— ૧૩

મોરી ધીરેસી ગગરી ઉતાર લીજોરે,
તુમે કસમ પરમેશ્વરકી–મોરી૦
ગગરી ઉતાર લીયો, નયના મીલાય લીયો;
અખીયાંસે અખીયાં મીલાય લીયોરે–મો૦
કુંકર કુઇયાં, પાતાલ પાની;
ભરત ભરત બલ ખા ગઇરે–મો૦

ટેબલો.

ભાણીબા— ૧૪

(ગરબો.)

કોઈ પ્રેમી દેવાંશી સંભારણે, કારણે વારણે જઇએ વારંવાર,
દેવતાઈ દેખીયે દેદાર, સંસારમાં સાર ઓહો ધન્ય અવતાર;
સંસારમાં પારસમણી, ચિન્તામણી છે નામનાં;
કામધેનું કલ્પતરૂ રસકુંપી સૌના કામના,
અજબકાન્તિ અલખશાન્તિ વેદ કરતા વાંચ્છના;
છે પ્રેમ નિર્મળ રત્ન, જેની નવે ખંડે નામના;
પ્રેમી પંખીને ઝંખી ઝંખી જુઓ, કેવાં રંગે ઉમંગે રમે રસિયાં,
લપાઈ છુપાઇને ડાળી ડાળી ઘુમે, મદ માતેલાં રંગીલા રસિયાં,
વ્હાલાથી વ્હાલ અવર નથી આશા પ્રેમથી પ્રેમ પાણીમાં પતાસાં;
પરણ્યાથી પ્રેમ ભંડાર, છે સખી સ્નેહના સાગર,
પરણ્યાં સાથે પ્રીતડી, ખાસી અમૃત ખીર;
પરનરથી વ્યવહાર તે, ખારૂં ખારૂં નીર;
ખીર મુકી ખારૂં નીર પીવાને જાય,
ફૂટફૂટ ફુવડ એ પુરી પસ્તાય;
પ્રેમરસ પ્યાલો પરણ્યા સાથે પીવાય,
ભવે ભવે ભાગ્ય કળી ખીલે જ જાય–કોઈ૦

ભાણીબા— ૧૫

સહીઅર મનની મનમાં સમાય, મુખથી કે’ બા કેમ ઉચરાય,
મુખથી નારેબા નાં કહેવાય (ઉં હું હું હું) મનની૦
ચાંદની, ચીન્તવી, વ્હાલાને વીનવી, પ્રેમથી ભીંજવી
કામણને કેળવી મનડું મેળવી;
સજની જો પ્રીતિરસ પીવાય આહા (૨)
ઓહો હો આતે શું કહેવાય—જારે જારે,
શાણી હવે તે શું શરમાય—જારે જારે,
એ તે બળ્યું શું બોલાય—એં હેં હેં હેં.

ભાણીબા— ૧૬

અલબેલા, લટકાળા, વ્હાલા પ્રીતમ ઠાકોર મારે મન વસિયા;
રસ ઘેલા રીસાળા, બેઠા દેવના દેવળ માંહિ રંગ રસિયા;
પ્રીતિ પચામૃતે પાતળીયા, પખાળું વચનના ફુલડે વધાવું;
હેતના હીંચોળે હળુ હળુ, હીંચોળું હોંસે હસીને; હસાવું.
શૃંગાર સજી સજાવું ભાવે, ભોજનની થાળ ધરાવું,
હઠનું કચુંબર, રીસનું રાયતું, ચામઠાઇ ચટણી, વ્હેમ શાક આઇતું
બરફી પેંડા ને મ્હેસુર પ્રેમ ભાવના,
ધારી પૂરી કચોરી શુદ્ધ સ્નેહ વાસના;
ભાવના ભૂખ્યા ઉઠ્યા દેવ લઈ વાસના,
પેંડા પરસાદમાં વ્હેંચીશું ઉલ્લાસના—અલબેલા.

ભાણજી— ૧૭

માન માયાના કરનારારે, જરી જોને તપાસી તારી કાયા;
પુછી જોને તું પંડિત પુરાણારે, કોના અમર છે લેખ લખાણા.
કાચી છે કાયા આ માટીની માયા, છે માટીના ખેલ બનાયા,
શાણા તો સમજી અલગ થયા, પણ બાળક બિચારા લપટાયા.
લાખોની પાંખો ગઈ છે પીંખાઈ, જેણે મૂછપર લીંબુ ઠરાયા,
કાળના કોવાડેથી કોણ બચ્યું, ભલે રાંક ભલે હોય મહારાયા.

સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાયા;
જોબન ને તન ધન તેવાં સમજવાં, પાણીમાંના પડછાયા—માન.

ભાણીબા-ઉદ્દય— ૧૮

વ્હાલો વિશ્વનો આધાર-નિરાધાર વ્હાર કરશે રે—વ્હા.
જેનો જેવો પવિત્ર વહેવાર, કિરતાર કર ધરશેરે;
દીનાનાથની સંગાથ, જેને વાત શાથી ડરશેરે,
ભવફંદના પ્રબંધનો સંબંધ તે બંધ કરશેરે;
પ્રેમ પાત્ર માત્રને પ્રભુજી તારશે,
શુદ્ધ મતિ સતિને શ્રીપતી ઉદ્ધારશે;
પ્રભુ પાર પાડશે-જુલમી જખ મારશે—વ્હાલો.

ભાણીબા— ૧૯

જગ સંપત્તિમાં જુવતીને સુખ નહીં જરીરે,
મન ગાડાંને ગાજે સંપત્તિ મળી મળીરે;
અથવા સંપત્તિ જગ ગાડામાં ધરી ધરીરે,
સુખ ભમરી સારુ તુચ્છ એ ચંપા કળી કળીરે-
વૈભવ મદમાં જો લપટાએ, નહીં પરમ સુખ પંથ પમાયે;
બાપુ પ્રથમથી, પાંખ બીડાએ, ઉમંગ રંગમાં કેમ ઉડાયે-
સાહ્યબીને શું ખાશે કે પીશે ? સાહેબ સ્વામી જો રુઠશે રીસે;
બોલાવતાં સગા, સંગીએ બ્હીએ જીવ જાણે કે ઝેર ઘોળીને પીએ.
ભાંમિની ભૂષણ પ્રેમ પરસ્પર, સાથે ત્રિજોરી શિયળ સુંદર;
જાળવી જાણે જે જગ અંદર, તે ભાગ્યશાળી ભામા નિરંતર.

ઓધી— ૨૦

બાળાં ભોળાંરે કુંવારકાં, પરણીને પસ્તાયાં રે;
પહેલાં ફુલી થયાં ફાળકા, હૈડામાં હરખાયાં રે,
ચાર દિન વહુ લાડકાં, મનડામાં મલકાયાં રે;
બન્યાં એકદમ કાળકા, અંતરમાં અકળાયાં રે,
મ્હેં તો જાણ્યું બાઈ ફુલડે પુજાઇશું રે;
ખાજાં જલેબી બાઈ નિત્ય નિત્ય ખાઇશું,

મ્હેં આગળથી, મનમાં ધાર્યું, માન મહી મરડાઇશું;
નણદીના વીરાને ઘડી ટીંગળાવી ભાગોળે ભૂ પાઇશું રે,
મોહન મળીયા વાતમાં વઢીઆ,
નળીયાં ખખડીયાં વાણી ઉચરીયા (લે રાંડ દીવો)
મ્હેં કહ્યું ઉહું ઉહું (૨)
ચડસમાં ચઢીઆ ખુબ કકળીઆ,
ઉહુંનું ઓષડ—ધોકા પાડીયા પરણીને.
પરણ્યો પીટયો પરઘેર ભટકે, ઘરમાં ન ખાવા પીવા રે;
વરણાગીમાં વાંકો હીંડે, પતિ એવા કુળ દીવા રે,
ઓશીઆળું ખાઇએ, હૈડે સીઝાઇએ—પંડે પીડાઇએ.
તોયે રીબાઇએ—ધોકે ધીબાઇએ—પરણી.

ભાણીબા— ૨૧

પીયુજી પધારોરે, સુંદરી સ્વીકારોરે;
રસવેલીના એ શામળીઆજી—સંભાળોરે.
મંજુલ મધુર મદન કળી ભાવે—ભાળોરે;
આંખલડી અમ્રત રસ વરસે, પાંખડી પાંખડી તલસે રે,
થારો લજામણી—અમ્રત ઝરણી, સ્વામી સુધારસ સ્પર્શેરે.
અજબ સુધાકર પતિ ગુણસાગર,
કોક અલૌકિક સ્વર્ગીય સાકર;
અથાગ અન્તર રસ રતનાકર—ભાળોરે.
રસ રાજનાં દર્શન થતાં, કોઈ નાદ અદભૂત લાગતો,
રગ રગ થઈ રોમાંચમાં, ઝણુકાર જાદુઈ જાગતો;
ગુલતાન અન્તર તાનમાં, જગ જાળને જીવ ત્યાગતો;
પતિ સેવના મંગળમણી, મોહન નિરંતર માગતો.
સ્વામી સમર્પણ સર્વ આ—સ્વીકારોરે.

ભાણી ઉદયસિંહ— ૨૨

બોલો મારા પ્રેમી પોપટજી બોલ બોલો,
બોલો બોલો મેના બોલાવે;

ડોલો રંગ રસીયાજી ડોલો જરી ડોલો ડોલો ડોલો પ્યારી ડોલાવે
મેના તારા વચનની વીણા વાગી,
લાગી લાગી લલિત લ્હે લાગી,
મેના વહાલી મેના કે ના કહે પણ જાગી,
જાગી જાગી અજબના જ્યોત જાગી.
પ્હેલા પોપટજી પ્યારા રામજી સંભારો,
બ્હા બ્હા મેના શું સતી વિસારો;
ચતુર સુજાણ સીતારામ ઉચરાવે—
પોપટજી પાંજરૂં સોનાનું સજાવું,
લાડીલી હું લાલચું નથી કે લલચાઉં,
સોને રૂપે શું બાંડ બીતરની ભાગી—લાગી.
રૂડા સુડાને રંગે રંગે રમાડું, પાંખે ઘાલીને ફળ મીઠા ખવાડું,
ભાવના ભુખ્યા શું ભાવી ભાવના-ભુલાવે?—બોલો.

ભાણજી— ૨૩

સર્વાંગે સુંદર ભાભી ખરી, પણ એકજ ખોડ જરી,
ખાંપણને ખોડ છતાં પણ રહેશે, ભાઇને મનતો પરી.
મુખ ચંદર જેવું સુંદર પણ નકટી.
છે નયન કમળ પણ ઉંધી એક પુતળી,
કાંચનવરણી પણ દુર્ગંધની બરણી,
માંખે બમણે જેમ ગોળ તણી ગરણી;
લચકાતી, હરખાતી, એ જાતી, વાટે ખાતી—સર્વાંગે.
દાડમ કળીઓ છે દાંત લગીર બોખી,
છે વચન કુસુમ પણ ગાળો દે જોખી;
છે હંસગતિ ગજગમની જરીક રાંટી,
ભોળી ભાળી પણ તીખી ને ખાટી;
ત્રણે તાલ—વાંકા વાળ—સુગરમાળ ત્રણ તસુનું કપાળ.

ભાણી— ૨૪

અહો દિલદાર જરી દેદાર, દિવાનીને દેખાડોને,
અરે લટકી અધર લટકી, મરૂં પટકી, મરૂં ફટકી જીગર પટકી
અરે આધાર સુધારસ સાર, ચતુરાને ચખાડોને;
મુખે અટકી મધુર મટકી, અરે છટકી અધર છટકી;
દીલની થાપણ ઓળવી, ઘટે ન કરવી ઘાત;
પ્રાણ કહો તો પાઠવું, વાલમ કરવા વાત—અહો.

ભાણી— ૨૫

સૂજ ન પડે રે પિયુ પ્યારા,
આંખે આંસુ ટપકે ચોધારા;
ભર વસ્તીમાં નાથ? નોધારા; આવ્યા મરણ શરણના વારા—
બધી મનની મનમાં સમાતી, કળી ખીલ્યા પહેલા કચરાતી;
આશા પાયે છચોક છુંદાતી—હાં;—હાં—
અમે પંથી તો જઇએ સ્વદેશે, પ્રેમ શેઠ વસ્યા પરદેશે;
પુડે હીસાબ પાઠવશે—સૂજ—

ભાણીબા— ૨૬

આવો ઘેર વ્હેલા વ્હેલારે સલુણા સાહ્યબા,
ભુલી ગઈ ભાન હું તો વાટ જોતાં વાલમા—આવો.
મન ગયું ત્યાં—જીવડા જા ત્યાં
નાહક સીંદને આભમાં લોટે, હે પરાધીન આતમા—આવો.

ભાણીબા-સાહેલીઓ— ૨૭

શાણાઓ કહે છે કે સૃષ્ટિનો સાહેબ, સાચાને લે છે સંભારી,
ગુપ્ત પરીક્ષા કરી અજાયબ, આખર લે છે ઉદ્ધારી,
લાંચે લેવાયે ન દાબે દબાયે, આફીનનો અધિકારી—શાણા.
દામ વિના પણ શ્રીદામોદર, દે છે પાર ઉતારી,
સાચે સાચી સતી સીતા, પ્રભુએ બળતી આગેથી ઉગારી,
દ્રોપદીની દીન વાણી સુણીને, વ્હારે ધાયા ગીરીધારી—શા.

પતિપરાયણ તારામતી ભીડ, નારાયણેજ નિવારી;
નરસિંહ મ્હેતાની હોંશથી હુંડી, શામળીઆએ સ્વીકારી—શા.
કંકોત્રી વિના શ્રી કિરતારે, પરણાવી ઓખા કુમારી;
છે વિભુજી વંદના અદ્દર લેશો ઉદ્ધારી—શાણા.

ભાણીબા—સાહેલી— ૨૮

આજે સોનાના સૂરજ ઉગ્યા હો રંગ ભીના,
મારા મદન મોહન મદઘેલા હો પ્રેમ નગીના;
મીઠાં મીઠાં પ્રેમ રસ ચાખીએ કુંવરજી;
પરણ્યાના લહાવા લઈ લઇએ મોહનજી;
ભોગવો આવા વિલાસ રંગે,
અમો આશીશ દઇએ ઉમંગ સંગે;
કદી વિસારશો નહીં આરે—હો પ્રેમ પ્રવિણા—આજે૦

ભાણીબા—ઉદય— ૨૯

ભરૂંસે ભુલી હું તારે વિશ્વાસે હરિ તું મારે,
પ્યાલો ઝેર પાર પાડે, વિવાહની વરશી વળાવે—ભ૦
ઝાઝી ગઈ થોડી રહી સદા આવી રહેવી નથી;
ઘડી બે ઘડીને માટે, મૂઢ કાં બગાડે મતિ,
હરિ તને કેમ તારે, ભરૂસો પાકો કયાં તારે—ભ૦

ભાણીબા— ૩૦

વન વગડામાં ભૂલી પડી ત્યાં અમ્રત પ્યાલો પીધોરે;
પીધો લીધો સારસૃષ્ટિનો, કોલ અમર ત્યાં કીધોરે—પંથી પરદેશી.
અધવચ વગડે વીંછું કરડયો, ઝેર ચઢયું છે અંગેજી;
કોઈ મુરલીધર મંત્ર ભણે તો, શીતળતા થાય સંગેરે—પંથી.
દુનિયા મારી ચેષ્ટા કરતી, ને ગાંડામાં ગણતીરે;
હું ગાંડી કે દુનિયા ગાંડી, આપ કરી ઘો ગણતીરે—પંથી.

ભાણીબા—ઉદય— ૩૧

પંથી પરદેશી ચિત્ત સોંપી હું આ ચા.........લી૦
મનને ભાવે તે કરજો, રે પૂન્યશા.........લી૦

તરસ્યાને ટીંગળાવવા, પડદે રાખી પ્રીત;
પૂછું પ્રવીણ પંથી એ કોણ ગામની રીત.
શુભ સંદેશો લઈ સંચરજો, હું આ ચા......લી૦
મહા મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત;
સમય વિનાનું બોલવું, ત્રણેની એક રીત.
વ્હેલા મંડપ માંહી મળજો, હું આ ચા......લી૦

સજીવન લીલા.

પ્રસ્તાવના.

જગરાય જ્યારે રૂઠે, સત સંગત પહેલાં તુટે
દુર્બુધી દીલમાં ઉઠે, દુર્જન વળગે બહુ પુઠે;
મળી લબાડ લોકો લુંટે, સાચાબોલા શીર કુટે,
સંસાર સુખ ચોખુંટે, ચંડાળ કુકર ચુંથે;
દ્રષ્ટાંત દાખવું પુઠે, સાંભળતાં ભવભય છુટે.—

૧—પુરી એકમાં રાજવી પ્રૌઢ પ્રાણી;
હતી વિધવા તેહને બહેન શાણી,
વળી રાજ પુત્રી સતી ગુણવંતી;
મુઈ માત મુકી સતી સત્યવંતી,
નવી રાણીના પાસમાં રાય મોહ્યો,
નહિ જુગતીથી સત્યનો પંથ જોયો,
હતો રાણીના ભ્રાતનો પુત્ર નાનો;
મહા મૂર્ખ ચુડામણી એ પ્રમાણો,
વિચારે વરાવી સુકન્યા ઉમંગે;
અને મેળવું રાજ્યને પાટ સંગે.
એક દિવસ તે નરપતિ ભાણાનો લઈ હાથ;
પુત્રી સાથ મિલાવતો ત્યાંથી વચકી વાત.

મામાને ભાણો વાહાલો, દુષ્ટોનો જો જો ચાળો;
કોમળ શીશુ કલગીવાળો, દુરજન મન નાગજ કાળો;
પાપીનાં મોઢાં બાળો, ધુળ નાંખી આગળ ચાલો.

૨—સતી વિધવા સંતાપવા, પામર કરે વિચાર;
કલંક ચઢાવે કારમું, લાજે નહીં લગાર.
દીવાનજી દાનો હતો, રાજાનો ભાયાત;
વિધવા તેને સમજતી, સાચો ધર્મનો ભ્રાત.
કપટે સતીની સોડમાં, સૂવાડે ચંડાળ,
બોલાવી નરપતિ તીહાં, કરતાં હાલ હવાલ.
ભોળો ભુપ નિર્દોષને, કરવા વગડે ઠાર;
મારા સાથે મોકલે, કરગરતી સતી નાર.
ભાઈ ભાળો આ ભગિનિને, બાળરંડા નિરાધાર આધાર એક જ શ્રી હરી.
વિશ્વ સકળ વેરી થયું, નીચે ધરતી ઉપર આભ. ગાભ જોતાં થાઉં ગાભરી.
બેસતાં સાહસ બાવળ ડાળે, પાછળ સાલ પેઠે નિત્ય સાલે;
કારમું કલંક સુણી ભાઈ, ભાળા મરૂં છું છળીઃ—

૩—ભંભેરાયો ભૂપતી, કથન સુણે નહિ કાન;
નિરમૂળ કરવા મોકલે, બાળક બ્હેન દીવાન.
મારા મારી ભગિનીને, કુવે કુંવરને સહાય
બંદુકથી દીવાનને, બચ્ચાં ઉગરી જાય.
મરતાં માતા ઉચ્ચરે, કરૂણા વચન વિશાળ;
ફાટે ડોળે નિહાળતી, નિરાધાર તે બાળ.
ઝાડ પ્હાડ ને પંખ પંખેરૂં, જાળવજો મુજ બાળ જો જો.
ભાઈ કોપ્યો પણ બ્રહ્માંડ મારૂં, સૌ લેજો સંભાળ જો જો.
હરીના બાળક આપણ સઘળાં, હરિ કરશે રે સવાલ જો જો.
આખર હાલત છે આ સૌની, થાજો પ્રભુના લાલ જો જો.